## એક્સપોર્ટ ઈન્સેન્ટીવ અને સબસીડી માટે ૮મીએ સેમિનાર

ગાંધીનગર, તા.૩૧

સ્મોલ અને મિડિયમ બિજનેસ ડેવલોપમેન્ટ ચેમ્બર ઓફ ઈન્ડિયા આયોજિત એક સપોર્ટ ઈન્સેન્ટીવ અને સબ સિડીસ મેન્યુફેકચર્સ માટે આર્થિક સહાય અમદાવાદ ગુજરાત ખાતે ૮ નવેમ્બર થી સવારે ૧૦.૦૦ કલાક થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી માહિતી મળશે. તો વધુ માહિતી માટે સંપર્ક કરવો. નિમેશ જોશી. એસ.એમ.ઈ. ચેમ્બર ઓફ ઈન્ડિયા ૦૭૯- ૩૦૪૮૪ ૫૭૯નો સંપર્ક સાધવો.

## જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા દિવાળી શોપિંગનું આયોજન

ગાંધીનગર, તા.૩૧

જૈન સોશ્યલ ગાંધીનગર દ્વારા ગૃપના સભ્યો દ્વારા દિવાળીના તહેવારોમાં ગૃહ ઉપયોગી વસ્તુઓનું વાજબી ભાવે વેચાણ માટે તા.૪ નવેમ્બરથી સવારે ૧૦ થી રાત્રીના ૯.૦૦ વાગ્યા સુધી વિશ્વકર્મા હોલ સેકટર-૧૨માં શોપિંગ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ધોરણ-૧૨ સાયન્સના ત્રીજા સેમેસ્ટરમાં રસાયણના પ્રશ્નના ઓપ્શન ખોટા હતા

ગાંધીનગર, તા.૩૧

ધોરણ-૧૨ સાયન્સના ત્રીજા સેમેસ્ટના રસાયણ વિજ્ઞાનના પેપર સેટ ૧૨વના પ્રશ્ન ક્રમાંક ૨૩માં જવાબ-સી ઓપ્શન આપવા જોઈએ. પ્રશ્ન ક્રમાંક ૨૩માં ધોરણ-૧૧ના બીજા સેમીસ્ટનો કન્સ્પ લેતાં તેના જવાબ (સી) ટી.એફ.ટી.ટી. એફ.ટી આવે છે. આ સંપૂર્ણ વિગતવાર બીજા સેમીસ્ટર રસાયણ વિજ્ઞાનના પાઠ્યના પાના નં.૧૪૨થી ૧૪૫ વચ્ચે આપેલ છે. પી.સી. ઠાકર સી.એન. વિદ્યાલય આંબાવાડીએ જણાવેલ છે.

## સેકટર-૧૬ની યુવતી ગુમ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સેકટર-૨૧ના સી.આર.પરમાર પોલીસ સબ ઈન્સ્પેકટરની યાદીમાં જણાવ્યા પ્રમાણે તૃપ્તિ દિનેશભાઈ રતિલાલ નાગરની ઉ.વ. ૧૬, રહે., સેકટર-૧૬, બ્લોક નં. ૧૨/૨, 'છ' ટાઈપ, ગાંધીનગરની તા.૨૫મી ઓકટોબરે પોતાના ઘરેથી શોપિંગમાં કરિયાણું ખરીદવાનું કહી નિકળ્યાબાદ ઘરે પરત ફરેલ ન હોઈ ગુમ થયેલ છે. વર્ણ શરીરે મધ્યમ બાંધાની, રંગ ઘઉંવર્ણો, ગુલાબી કલરની બાંધણી ભાતનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. ગુજરાતી-હિન્દી ભાષાની જાણકારી ધરાવે છે તો જાણમાં આવતાં માહિતી આપવા જણાવવામાં આવે છે.

## મેવા દ્વારા દશમો ઈનામ વિતરણ સમારોહ ચોથીએ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસીએશન ગાંધીનગર દ્વારા દસમો ઈનામ વિતરણ સમારોહ તા.૪થી નવેમ્બરના બપોર ૨.૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, ગાંધીનગરમાં યોજાશે. જેમાં ૨૦૧૨માં લેવાયેલ ધોરણ-૧૦ અને ૧૨ તથા ઉચ્ચ શિક્ષણમાં ઉત્તીર્ણ થયેલાઓનું સન્માન યોજવામાં આવેલ છે. ચાલુ વર્ષ ધોરણ-૮થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હાજર રહેવા જણાવેલ છે.

સમારંભના પ્રમુખ સ્થાને કે.ડી. મેમણ, ઓ.સી.એસ.ડી. એડમીનીસ્ટ્રેશન નીફટ, મુખ્ય મહેમાન પદે ડૉ. મુકુંદ મહેતા કન્વીનર લાફીંગ કલબ અમદાવા, અતિથિ વિશેષ પદે હિદાયતુલા સૈયદ, પ્રમુખ સરોવર એજ્યુકેશન સોસાયટી અમદાવાદ, પ્રા. આયેશાબેન પટેલ પ્રમુખ સેતુ ટ્રસ્ટ મહેસાણા. એમ.યુ. કાગદી ઓન જનરલ સેક્રેટરી એ.પી. ચોકવાલા પ્રમુખશ્રીએ જણાવેલ છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-એ, પ્લોટ નં. ૧૨૨૭/૧ ખાતે નિવાસ કરતા નાનુભાઈ બોથાભાઈ સવારનો તાજેતરમાં સ્વર્ગવાસ થયો હતો. સ્વર્ગસ્થનું બેસણું આજે તા. ૧લી નવેમ્બરે ગુરૂવારે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન સેકટર-૩માં રાખવામાં આવ્યું છે.

# રસ્તાનાં કામ માટે એક પણ એજન્સીએ તૈયારી ન દર્શાવી !

## ઈન્ફોસિટી પાછળ માર્ગ બનાવવાનું કામ અટવાયું

ગાંધીનગર, તા. ૩૧

શહેરના હાઈપ્રોફાઈલ ઈન્ફોસિટી વિસ્તારમાં માર્ગ નવીનીકરણની કામગીરી અન્વયે એક પણ એજન્સીનું ટેન્ડર ન મળતા લાઈબ્રેરીને અનુલક્ષી માર્ગ બનાવવાનું કામ વિલંબમાં પડ્યું છે. અગાઉ હાથ ધરાયેલ ઓનલાઈન ટેન્ડ્ર પ્રક્રીયાના અંતે એજન્સી તૈયાર ન થતા નવીન રસ્તાનું કામ વિલંબથી થશે.

ચોમાસા પૂર્વે શહેરમાં મોટાભાગના રસ્તાઓના કામ અંગે આખરી આયોજન કરી દેવાયુંછે. જ્યારે વરસાદી દિવસોમાં માર્ગ નિર્માણની કામગીરી બંધ રહ્યા બાદ હાલ જૂના કામો અન્વયે સેક્ટરોમાં રસ્તાઓનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. શહેરના હાઈફ્રોફાઈલ ગણાતા ઈન્ફોસીટી વિસ્તારમાં પણ પાછળની સાઈડમાં નવીન લાઈબ્રેરી સંકુલને અનુલક્ષી નવીન માર્ગનિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ. ૪૦ લાખના ખર્ચે રસ્તાનું કામ હાથ ધરવા થોડા સમય અગાઉ તંત્રકક્ષાએથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા હાથ ધરાયેલી આ ટેન્ડર પ્રક્રીયાના અંતે આ કામગીરી સંદર્ભે એક પણ એજન્સી તૈયાર ન થતા હાલ નવીન રસ્તો બનાવવાનું કામ વિલંબમાં પડ્યું છે. જો કે આગામી નિયત સમય બાદ પુનઃ ટેન્ડરપ્રક્રીયા હાથ ધરી માર્ગનિર્માણની કામગીરી પૂર્ણ કરાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

# સે. ૨માં બીએમડબલ્યુ કારની ટક્કરે બાઈક સવાર યુવતીનું મોત

## પી.ડી.પી.યુ.માં અભ્યાસ કરતી યુવતી ટ્રેડીશનલ ડ્રેસ લેવા મિત્ર સાથે બાઈક પર ગાંધીનગર આવી હતી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીક આવેલી પી.ડી.પી.યુ. કોલેજમાં અભ્યાસ કરતી ૨૦ વર્ષિય યુવતી કોલેજમાં ગરબા કાર્યક્રમ હોવાથી સે. ૨માં ટ્રેડીશનલ ડ્રેસ લેવા મિત્ર સાથે બાઈક પર આવી હતી. પરત ફરતી વખતે સે. ૨ના બાલા હનુમાન મંદિર સામે રીંગરોડ પર નવી નક્કોર બી.એમ. ડબલ્યુ. કાર અને તેમનું બાઈક સામસામે ટકરાતા બાઈક સવાર યુવતી ફંગોળાઈને પટકાઈ હતી. જેમાં તેણીનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે તેના મિત્રને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. સે. ૭ પોલીસે બી.એમ. ડબલ્યુ કાર ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પંડીત દિનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સીટી ખાતે ગરબાનો કાર્યક્રમ હોવાથી કોલેજની હોસ્ટેલમાં રહેતી અને મુળ વાપીની ૨૦ વર્ષિય યુવતી તિથિક્ષા ગર્ગ તેના મિત્ર સાથે બાઈક પર શહેરના સે. ૨ ખાતે આવી હતી. ટ્રેડીશનલ ડ્રેસ લઈને સે. ૨ માંથી તેઓ બાઈક પર પરત કોલેજ તરફ ફરી રહ્યા હતા તે દરમ્યાન બાઈક નં. જીજે-૧૬-બી.સી.-૫૩૩૦ ને સામેથી પુરપાટ ઝડપે આવી રહેલી નવી નક્કોર બી.એમ.ડબલ્યુ. કાર નં. જીજેડબલ્યુ-૧-૧૨-ડી-૧૪૦૫ કાર અને બાઈક સામસામે ધડાકાભેર બાલા હનુમાન મંદિર સાથે અકસ્માત સર્જાયો હતો. માત્ર ટી.સી. નંબર પર દોડતી આ સામે રીંગરોડ પર ટકરાતા બાઈક પાછળ બેસેલી તિથીક્ષા ગર્ગ ફંગોળાઈને પટકાઈ હતી. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તાત્કાલીક હાઈટેક હોસ્પિટલમાં તેણીને લઈ જવાઈ હતી. પરંતુ તેણીની હાલત વધુ ગંભીર જણાતા એપોલો હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.જ્યાં તેણીનું સારવાર દરમ્યાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા સે. ૭ પોલીસમથકનાં પી.એસ.આઈ. ગડરીયા, એએસઆઈ જસવંતસિંહ, હે.કો. કાનાભાઈ અને પો.કો. જયદિપસિંહ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માત સર્જીને કાર સાથે ફરાર થઈ ગયેલા શખ્સની સોધખોળ પોલીસે શરૂ કરી છે. દરમ્યાન બનાવ સ્થળેથી નંબર પ્લેટ મળી આવી હતી. જેને આધારે તપાસ કરીને કાર શોધી કાઢી પોલીસે કાર કબ્જે લઈ ડ્રાઈવરની શોધખોળ શરૂ કરી છે. યુવતીનો મૃતદેહ પી.એમ. માટે મોકલી પોલીસે કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

### વારંવાર રજુઆત છતાં બમ્પ ન બનાવાતાં ભયગ્રસ્ત વસાહતીઓમાં આક્રોશ

શહેરના સેક્ટર-૨ના બાલા હનુમાન મંદિર સામેના રીંગરોડ સહીત અન્ય આંતરીક માર્ગો પર અકસ્માતોનાં કિસ્સાઓ વધતા વસાહતીઓ દ્વારા બમ્પ બનાવવા માટે તંત્રને સંખ્યાબંધ રજુઆતો કરી છે. તેમ છતાં તંત્રના આંખ આડા કાનની નીતિને કારણે અકસ્માતો જીવલેણ બન્યા છે. ગઈકાલે આ પ્રકારે જ અકસ્માતમાં યુવતીના મૃત્યુના સમાચારથી વસાહતીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો.

# 'બિહોલા વંશ યશ ગાથા' પુસ્તક વિમોચન કાર્યક્રમ સંપન્ન



ગાંધીનગર, તા.૩૧

બિહોલા રાજપૂત સમાજ ગુજરાત રાજય દ્વારા તાજેતરમાં 'બિહોલા વંશ યશ ગાથા' પુસ્તકનો વિમોચન કાર્યક્રમ સમાજના અગ્રણીઓ, વડીલો અને સ્નેહીજનોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. ૬૫ ગામના લગભગ ૧૨૦૦ જેટલા બિહોલાઓ આ પ્રસંગે શિસ્ત અને શાંત રીતે કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને બહીયલ ગઢના છત્રીયવીર શિરોમણી સામંતસિંહજી બિહોલાના પુસ્તક 'બિહોલા વંશ યશ ગાથા' તેમજ 'બિહોલા સમાજ પરિવાર દર્શન'ના પુસ્તક વિમોચન કાર્યક્રમને માણ્યો હતો.

'બિહોલા વંશ યશ ગાથા' તેમજ 'બિહોલા સમાજ પરિવાર દર્શન' (ડીરેકટરી)ના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામંતસિંહ બિહોલાના જીવન પર ડાયરો સુખદેવ ગઢવી તથા સહ કલાકારોએ રંગ જમાવ્યો હતો. દિલીપસિંહ બિહોલાએ 'ક્ષત્રિય કુલ મે પ્રભુજન્મ દિયા તો ક્ષત્રિય કે હિત મેં જીવન બિતાઉ' રજૂ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમારંભના મુખ્ય મહેમાન ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. રામજીભાઈ સાવરીયા તેમજ મહંત શ્રી ૧૦૦૮ રામસ્વરૂપ પૂરી તેમજ બિહોલા સમાજના પ્રમુખ વિસાજી મોતીજી બિહોલા ઉપપ્રમુખ પૃથ્વીસિંહ બિહોલા, મહામંત્રી ઝિલુસિંહ બિહોલા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં અને દીપ પ્રાગટય કર્યો હતો. ઉપપ્રમુખ પૃથ્વીસિંહ બિહોલાએ સ્વાગત પ્રવચન અને સંસ્થા પરિચય આપ્યો હતો. સંનિષ્ટ કાર્યકર્તાઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રદિપસિંહ બિહોલાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કરણસિંહ બિહોલા, દિલીપસિંહ બિહોલા, જયેન્દ્રસિંહ બિહોલા, મહેન્દ્રસિંહ બિહોલા, છત્રસિંહ બિહોલા, શૈલેન્દ્રસિંહ બિહોલા, ભરતસિંહ બિહોલા, બચુભા બિહોલા, ભીખુસિંહ બિહોલા, નિરંજન બિહોલાએ જહેમત ઉઠાવી હતી.

# એમ.એચ. વિદ્યામંદિર ડભોડાનું ગૌરવ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે આવેલી એમ.એચ. વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ગુજરાત રાજયકક્ષાની અંડર ૧૭ ભાઈઓની ખોખો રમતમાં અને ગુજરાત રાજય પાયકા ગ્રામિણ રમતમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાત રાજય પાયકા ગ્રામિણ રમતો અંતર્ગત ખો-ખો ભાઈઓની રમતોમાં અમિત સોલંકી, ઘનશ્યામ પટેલ, અજય ઠાકોર, બલરામ બિહોલા, અનિલ અને સુનિલે ગાંધીનગર જિલ્લાનું નેતૃત્વ કરી પાટણ જિલ્લાના ધીણોજ મુકામે રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ સમગ્ર રાજયમાં પ્રથમ નંબર મેળવ્યો છે તથા રાજયકક્ષાની અંડર ૧૭ ભાઈઓની અમરેલી મુકામે યોજાયેલી ખો-ખો રમતમાં ગાંધીનગર જિલ્લાનું નેતૃત્વ કરી રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કેળવણી મંડળ ડભોડાના પ્રમુખ દિલીપભાઈ પટેલ તથા આચાર્ય અશોકભાઈ મોદી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ ડભોડા યુવક મડંળે તમામ ખેલાડી ભાઈઓ અને વ્યાયામ શિક્ષક દલસંગભાઈ ચૌધરીને અભિનંદન પાઠવ્યા છે.

# ગોકુળ સોસાયટી સે-૮માં તેજસ્વી તારલાઓનો ઈનામોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૮માં આવેલી ગોકુળ સોસાયટીના પ્રમુખ જયદીપસિંહ ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શરદપૂર્ણિમાના પર્વ નિમિત્તે સોસાયટીના તેજસ્વી તારલાઓને સન્માનીત કરવાનો તથા વડીલોનું બહમાન કરવાનો કાર્યક્રમ તાજેતરમાં ગોકુળ સોસાયટી ત્રિકોણીય ગાર્ડનમાં યોજાયો હતો.

તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોનું બહુમાન કરવાનો તથા શરદપૂર્ણિમાનાં ગરબા ઉત્સવ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંતભાઈ જહા, રાજકીય આગેવાનો નિશિતભાઈ વ્યાસ, યુવા અગ્રણી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, વોર્ડ નં. ૮ના કાઉન્સીલર શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખભાઈ મકવાણા તેમજ ગોકુળ સોસાયટીના પ્રમુખ જયદેવસિંહ ઠાકોર, સોસાયટીના હોદ્દેદારો નિમિષ વ્યાસ, કનુભાઈ રાવલ, હસમુખભાઈ શાહ, દક્ષેશભાઈ પટેલ, યુવરાજસિંહ ઝાલા, પ્રકાશભાઈ મોદી, નવીનભાઈ ઠકકર, બકુલ ધોળકીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# જાતીના ખોટા સર્ટી બનાવી આપનાર નિવૃત્ત તકેદારી અધિકારી વિરૂધ્ધ ફરિયાદ

## વર્ષ ૧૯૯૩ થી ૯૫ દરમિયાન અનુસૂચિત જનજાતિના ચાર ખોટા સર્ટી બનાવી આપ્યા હતા

ગાંધીનગર, તા.૩૧

સમાજ કલ્યાણ વિભાગમાં વર્ષ ૧૯૯૩ થી ૯૫ દરમિયાન ફરજ બજાવતા તકેદારી અધિકારીએ ઓ.બી.સી. જાતીના વ્યકિતઓને અનુસૂચિત જનજાતિનાં ખોટા સર્ટીફીકેટસ બનાવી આપ્યા હોવાની ફરિયાદ તકેદારી અધિકારી તરીકે ફરજ બજાવતાં નયનાબેન સેલને નોંધાવતા સે-૭ પોલીસે નિવૃત્ત તકેદારી અધિકારી સહિત પાંચ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નિવૃત્ત તકેદારી અધિકારી આર.ડી. દેસાઈએ ૭ જુલાઈ ૧૯૯૩થી ૬ જુલાઈ ૧૯૯૫ દરમિયાન ઓબીસી જાતી ધરાવતા રમણભાઈ બકુલભાઈ આદીત્યનાં ચાર સંતાનોને અનુસૂચિત જનજાતિનાં ખોટા સર્ટીફીકેટ જે તે સમયે બનાવી આપ્યા હતાં. આ ભાંડો ફુટતા હાલમાં તકેદારી અધિકારી તરીકે ફરજ બજાવતા અને સે-૧૯માં રહેતા નયનાબેન યોગેશભાઈ સેલતે સે-૭ પોલીસ મથકે ફરિયાદ આપી હતી. પોલીસ મથકના સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદરે આ ફરિયાદને આધારે પાંચેય વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.


# ગુજરાત ધમ્મ સોસાયટી ગાંધીનગર દ્વારા આજથી ધમ્મ યાત્રાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત ધમ્મ સોસાયટી ગાંધીનગર દ્વારા ધમ્મયાત્રાનો કાર્યક્રમ મઉગામ તા. ભીલોડા ખાતે નિયોજીત કરવામાં આવ્યો છે. જે આજે તા. ૧લી નવેમ્બરથી ૪થી નવેમ્બર સુધી ભિલોડા, ઈડર અને તેના ગામડાઓમાં ચાલશે.

ધમ્મયાત્રામાં બૌદ્ધ ધર્મના ભન્તેજીઓ સર્વશ્રી ભન્તે બુદ્ધપાલ (મુંબઈ), ભન્તે પ્રશીલ રત્ના, નાગપુર, ભન્તે વિનયશીલ ઓરંગબાદ, ભન્ને વિનિત રક્ષીત બેંગ્લોર અને ભન્ને વિમલજીવ શ્રીલંકા તથા અન્ય બૌદ્ધ ધમ્મ ઉપાસકો ઉપસ્થિત રહેશે. ૧લી નવેમ્બરે ભાંભીવાસ ગામ-મઉ તા. ભિલોડા ખાતે ધમ્મયાત્રાનું સામૈયુ ભિખ્ખુઓનું સ્વાગત થશે.

# આર્ટ લવર્સ દ્વારા શરદપૂનમે 'આભે ચાંદ ભીતર ચાંદની' કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના આર્ટ લવર્સ દ્વારા શરદપૂનમે 'આભે ચાંદ ભીતર ચાંદની' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય વ્યંગ કલાકાર સાંઈરામ દવે સાથે એક સાંજનું આયોજન કરવામાં આવ્યું હતું. રાંધેજા ચાર રસ્તા નજીક આવેલા ધરતી પાર્ટી પ્લોટની હરિયાળીમાં શરદપૂર્ણિમાની ચાંદનીમાં આર્ટ લવર્સ સંસ્થાના સભ્યો અને ગાંધીનગરના વિશિષ્ટ મહેમાનોએ આ કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો.

'આભે ચાંદ ભીતર ચાંદની' કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખ ગનીભાઈ વડીઆએ તેમની રસાળ અને રમૂજી શૈલીમાં મહેમાનો અને સભ્યોને આવકાર્યા હતા તથા સમગ્ર ટીમની કામગીરીને બિરદાવી હતી. સંસ્થાના પૂર્વ પ્રમુખ અને કાર્યક્રમના સંચાલક નિમેષ રાવલે શરદપૂર્ણિમાના આધ્યાત્મિક મહાત્મ્ય વિશે રસપ્રદ સમજણ આપી હતી. ડૉ. અપૂર્વા રાવલના પ્રાર્થના ગાન સાથે સાંજની ઉજવણીનો આરંભ થયો હતો. ગુજરાતના માનીતા હાસ્ય કલાકાર સાંઈરામ દવેએ હળવી શૈલીમાં ઘણી માર્મિક ટકોર સાથેની જીવન ઉપયોગી વાતોથી 'આભે ચાંદ ભીતર ચાંદની' કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા. આ કાર્યક્રમ પૂર્વે સહુ સભ્યો અને મહેમાનોએ પ્રીતિ ભોજન લીધું હતું. કાર્યક્રમના સમાપને સહુએ દૂધ-પૌંઆની મજા માણી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૬.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫.૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
અજબ ગજબ લવ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦
રશ : ૫.૩૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
રશ : ૧૨.૦૦, ૨.૩૦,૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૫.૦૦
અજબ ગજબ લવ : ૭.૪૫
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૩૦, ૭.૧૫,૧૦.૦૦
ઓહ! માય ગોડ : ૨.૧૫
અજબ ગજબ લવ : ૫.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૯.૪૫
અજબ ગજબ લવ :૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦
રશ : ૮.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
અજબ ગજબ લવ : ૯.૩૦
રશ : ૧૨.૧૫, ૫.૦૦
ઓહ ! માય ગૉડ : ૨.૩૦
ચક્રવ્યૂહ : ૭.૧૫ ● સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
અજબ ગજબ લવ : ૮.૦૦, ૧૦.૩૦, ૬.૪૫
ચક્રવ્યૂહ : ૧.૧૫, ૪.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

ચક્રવ્યૂહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રશ : ૧૦.૪૫, ૭.૩૦, ૧૦.૩૦
અજબ ગજબ લવ : ૨.૦૦, ૫.૦૦
: સ્ક્રીન-૩ :
અજબ ગજબ લવ : ૧૦.૩૦, ૧૦.૦૦
રશ : ૧.૧૫, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૭.૦૦

### ચિરાગ, કલોલ

રશ : ૧૦.૪૫, ૩.૩૦, ૮.૩૦
અજબ ગજબ લવ : ૧.૦૦, ૬.૧૫, ૧૦.૧૫

## આપની આજ

**મેષ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન પ્રાપ્ત થઈ શકશે. સ્વયંની આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક પ્રાપ્ત થશે. કાર્ય યોજના પર અમલ થશે.

**વૃષભ** : વ્યાપાર-વ્યવસાયક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રૂચિ વધશે. સુખદ સમાચાર પ્રાપ્ત થશે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. નિષ્ઠાથી કાર્ય કરતાં રહો. ઈચ્છિત સિદ્ધિ, ફળ અને મનોનુકૂળ લાભ પ્રાપ્ત અવશ્ય મળશે. માન-સન્માનમાં વધારો થશે.

**કર્ક** : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણે લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. પ્રસન્નતાનું વાતાવરણ રહેશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : સંગીતનાં ક્ષેત્રમાં રૂચિ વધશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. સુખ-સમૃદ્ધિ વધવાથી અને અટકેલા કાર્ય સમય પર પૂર્ણ થઈ શકશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ પર કાર્ય આજે થઈ શકશે નહી. જીવનમાં નિરાશાનો આભાસ થશે. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્ર વિકસિત થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થશે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : કર્મક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય સફળતા પ્રદાન કરશે, ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ. વાહન સુખનો ઉત્તમ યોગ. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશ. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. જીવનસંગીની સાથે તકરાર ન બને. ગ્રાહકોથી મધુ સંબંધ બનશે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન વસરામભાઈ વાઘેલા (ઉ.વ. ૮૨) મુ.પો. ચંદરવા, તા. ધંધુકા, જિ. અમદાવાદ.